# જાણી જોઇને

વજનઃ ગાલગાગા ગાલગાગા ગાલગાગા ગાલગા

પંચમ શુક્લ

ઝેર પીનારો પીવે છે ઝેર જાણી જોઇને,
જાત પર વાળ્યાં કરે છે વેર જાણી જોઇને.

કોકને મન હોય કાળોકેર જાણી જોઇને,
એને મન તો એજ લીલાંલ્હેર જાણી જોઇને.

ગર્ભની અંદર હતો એ ત્યારથી ટેવાયલો,
સૂંઠ ખાવા 'શેર-પર-પાશેર' જાણી જોઇને.

નાગપાંચમનું કરે શ્રદ્ધાથી વ્રત વરસોવરસ,
ખાઇ લીલીકાચ એ કૂલેર જાણી જોઇને.

ગંડુ રાજાને નગર અંધેર જઇ એવું ભણ્યો,
કે એ સત્તરને કહે સિત્તેર જાણી જોઇને.

ગાડું હંકારી જતો એ રાસ ઝાલી શબ્દની,
મૌનનાં ચીલા જતાં જે મેર જાણી જોઇને.

ઘર તરફથી આવતો એ હોય પણ જો મન પડે,
તો તરત પાછો ફરે એ ઘેર જાણી જોઇને.

જો કદી એ જાય એકે શ્હેર જાણી જોઇને,
તો ગરીબનવાઝનાં અજમેર જાણી જોઇને.

કોઇને ગણતો નથી એ ગેર જાણી જોઇને,
પણ બધાં એને ગણે કાફેર જાણી જોઇને.

ભવ્યતાથી દૂર કેવળ ભગ્નતા ઓઢી ઉભો,
આભ નીચે માત્ર થૈ ખંડેર જાણી જોઇને.

શ્વાસ સાથે યુધ્ધનું બીડું ઉપાડે એ સતત,
લૈને જૂનાં ફેફસાંની પેર (pair) જાણી જોઇને.

દર્દથી તડપે છતાં 'સબ-ખેર' છે એવું કહે,
એ કરે ઉપચારમાં પણ દેર જાણી જોઇને.

સ્વર્ગમાં પણ ના ઠરીને ઠામ, એ તો માગતો-
જન્મ-મૃત્યુની જ હેરાફેર જાણી જોઇને.

એ બન્યો છે બેરખાનો મેર જાણી જોઇને,
મક્તમાં પણ મત્લ જેવો શેર જાણી જોઇને.

લંડન, સપ્ટેમ્બર ૨૦૦૫

:::::::::::: કવિને અભિપ્રેત ::::::::::::::::

શેર-પર-પાશેર = સવા શેર.
રાસ = બળદને (ઢોરને) અંકુશમાં રાખવા માટે નાક ને મ્હોંમાં પહેરાવાતું દોરડું.
મેર = ૧. તરફ, ૨. બેરખા (નાની માળા) ની શરૂઆત અને અંત પર આવતો મણકો.
ગરીબનવાઝ = ગરીબનાં રક્ષક, સૂફી સંત ખ્વાજા મોઇનુદ્દીન ચીશ્તી (અજમેરનાં સંદર્ભમાં).
ભગ્ન = જૂનું, તુટેલું ને જીર્ણ થયેલું.
પેર = જોડ માટેનો અંગ્રેજી પર્યાય.
મક્ત = ગઝલનો છેલ્લો શેર.
મત્લ = ગઝલનો પહેલો શેર.

:::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::